Teachingninja.in

Latest Govt Job updates

Private Job updates

Free Mock tests available

Visit - teachingninja.in

# GSSSB
# Jr. Clerk
## Previous Year Paper
### 08 Oct, 2023

Teachingninja.in

# PROVISIONAL ANSWER KEY

| | |
|---|---|
| જગ્યાનું નામઃ- | જુનિયર ક્લાર્ક, વર્ગ-૩ |
| જાહેરાત ક્રમાંકઃ- | ૯૯૬/૨૦૨૧-૨૨ |
| પરીક્ષાની તારીખઃ- | ૦૮/૧૦/૨૦૨૩ |
| પરીક્ષાઃ- | સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા |
| કુલ પ્રશ્નોઃ- | ૦૦૧-૨૦૦ |
| પ્રસિદ્ધિની તારીખઃ- | ૧૧/૧૦/૨૦૨૩ |

**ઉમેદવારે નીચેની સૂચનાઓનં પાલન કરવાની તકેદારી રાખવી, અન્યથા વાંધા-સૂચન અંગે કરેલ રજઆતો ધ્યાને લેવાશે નહીં.**

(૧) ઉમેદવારે વાધાં સૂચનો ઓન-લાઇન રજૂ કરવાના રહેશે. ઓન-લાઇન વાધાં સૂચનો રજૂ કરવા માટેની વેબસાઇટની લીંક હવે પછી મંડળની વેબસાઇટ પર જાહેર કરવામાં આવશે.

(૨) ઉમેદવારે પ્રશ્નપ્રમાણે વાધાં સુચનો રજૂ કરવા વેબ સાઇટ પર ઓન લાઇન પ્રસિદ્ધ થયેલ માસ્ટર પ્રશ્નપત્રમાં જ પ્રશ્ન નંબર સિલેક્ટ કરી ઓન લાઇન વિગતો ભરીને સબમીટ કરવાનં રહેશે. ઓફ લાઇન- મેન્યઅલ વાંધા સૂચનો સ્વીકારવામાં આવશે નહીં. જેની ઉમેદવારોએ નોંધ લેવા વિનંતી.

(૩) ઉમેદવારે પોતાને પરીક્ષામાં મળેલ પ્રશ્નપસ્તિકામાં છપાયેલ પ્રશ્ન ક્રમાંક મજબ વાંધા-સૂચનો રજૂ ન કરતાં તમામ વાંધા સૂચનો ઓન-લાઇન પ્રસિદ્ધ થયેલ માસ્ટર પ્રશ્નપત્રની પ્રોવિઝનલ આન્સર કીના પ્રશ્ન ક્રમાંક મજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા.

(૪) પરીક્ષામાં હાજર રહેલ ઉમેદવાર જ ઓન લાઇન લોગ ઇન કરીને વાંધા સૂચન રજૂ કરી શકશે.

Teachingninja.in

પ્રશ્નપુસ્તિકા કોડ **M**

This Question Booklet Contains 32 Printed Pages આ પ્રશ્નપત્રમાં કુલ 32 છાપેલા પાનાં છે.

પેપર કોડ **NND-2023**

પ્રશ્નપુસ્તિકા નંબર

| | |
|---|---|
| સમય : 120 મિનિટ | Time : 120 Minutes |
| કુલ પ્રશ્નો : 200 | Total Que. : 200 |
| કુલ ગુણ : 200 | Total Marks : 200 |

ઉમેદવારનો બેઠક નંબર

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |

**તમને સૂચના આપવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહી.**

**(01)** આ પ્રશ્નપત્રમાં કુલ **200** પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર **A, B, C** અને **D** પૈકી કોઇ એક છે. ઉમેદવાર જો જવાબ ન આપવા માંગતા હોય તો તેના માટે **OMR** ઉત્તરપત્રમાં વિકલ્પ **E** આપેલ છે. બધા જ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજીયાત છે. આ સાથે અલગ આપેલ **OMR** ઉત્તરપત્રમાં જ ઉત્તર આપવાના છે.

**ઉદાહરણ તરીકે :**

**ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે?**

A) સરદાર પટેલ B) સુભાષચંદ્ર બોઝ

C) મહાત્મા ગાંધી D) વિનોબા ભાવે

**ઉત્તરપત્ર (OMR SHEET) માં.**

Ⓐ Ⓑ ● Ⓓ Ⓔ

ઉપર્યુક્ત ઉદાહરણનો જવાબ **"C"** છે. આથી **"C"** નું વર્તુળ ઘાટું **(encode)** કરેલ છે. સાચી અને ખોટી પદ્ધતિથી વર્તુળ ઘાટુ કરવા બાબતની સૂચના **OMR** ની પાછળ આપેલ છે જેની નોંધ લેવી.

**(02)** **1** થી **200** પ્રશ્નો પુરેપૂરા છપાયેલા છે કે કેમ તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઇ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઇ પૃષ્ઠ સામેલ ન હોય અથવા તો અન્ય કોઈ ક્ષતિ જણાય તો તરત જ નિરીક્ષક પાસેથી પ્રશ્નપુસ્તિકા અચૂક બદલાવી લેવી.

ઉમેદવારને **OMR** ઉત્તરપત્ર મળ્યા બાદ જો તેઓ દ્વારા તેનો નાશ કરવામાં આવશે કે ગુમ કરવામાં આવશે તો તે ઉમેદવારને ગેરલાયક ઠરાવવામાં આવશે.

**(03)** પરીક્ષા શરૂ થયેથી ઉમેદવાર અધવચ્ચેથી પરીક્ષા ખંડ છોડી શકશે નહી. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર પોતાનું પ્રશ્નપત્ર લઈ જઈ શકશે.

**(04)** ઉમેદવારે પોતાના બેઠક ક્રમાંકની પ્રશ્નપુસ્તિકા અને **OMR** ઉત્તરપત્ર મળેલ છે તેની ખાતરી કરી લેવી અન્યથા ખંડ નિરીક્ષકનું તરત જ ધ્યાન દોરવું. ઉમેદવારને **OMR** ઉત્તરપત્ર મળે કે તરત જ તેમાં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક ક્રમાંક સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે તેમજ બેઠક ક્રમાંક નીચે આપેલ વર્તુળ પણ ઘાટુ **(encode)** કરવાનું રહેશે. મળેલ પ્રશ્નપુસ્તિકાનો કોડ નિયત જગ્યાએ લખીને તેની સાથે આપેલ વર્તુળ પણ ઘાટુ **(encode)** કરવાનું રહેશે. લખેલી વિગતો અને ઘાટુ **(encode)** કરેલ વર્તુળની વિગતો યોગ્ય રીતે ભરાયેલ છે તેની ખાતરી કરી લેવી.

**(05)** પ્રત્યેક સાચા જવાબદીઠ **1** (એક) ગુણ મળવાપાત્ર થશે. મંડળ દ્વારા ગુણાંકન પધ્ધતિમાં માઈનસ પધ્ધતિ દાખલ કરવામાં આવી છે. જે મુજબ - પ્રત્યેક ખોટા જવાબદીઠ, ખાલી છોડેલ જવાબદીઠ તથા છેકછાક કરેલ હોય તેવા જવાબદીઠ **OMR** ની પાછળ જણાવ્યા પ્રમાણેની ખોટી પદ્ધતિથી કે એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબદીઠ **0.25** ગુણ કાપવામાં આવશે. જો ઉમેદવાર જવાબ આપવા માંગતા ન હોય અને વિકલ્પ **(E)** ઘાટુ **(encode)** કરશે તો **0.25** ગુણ કાપવામાં આવશે નહિં.

**(06)** પ્રશ્નપત્ર તથા **OMR** ઉત્તરપત્રમાં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની ઓળખ છતી થાય તેવી નામ કે અન્ય કોઈ પણ પ્રકારની નિશાની દર્શાવવાની સખત મનાઇ છે. તેમ છતાં પણ કોઇ પણ નિશાની કે ઓળખ કર્યાનું માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

**(07)** ઉત્તરપત્ર **(OMR SHEET)** માં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી ફરજિયાત છે. બંનેની સહી વિનાની **OMR SHEET** (ઉત્તરપત્ર) વાળા ઉમેદવાર ગેરલાયક ઠરશે.

**(08)** પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી કોઇ પણ સાહિત્ય, માર્ગદર્શિકા, કાપલી, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન, પેજર, કેલક્યુલેટર, બ્લુટુથ, સ્માર્ટ વોચ કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

**(09)** ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું કે અન્ય કોઈ ગેરરીતી કરવી તે ગેરશિસ્ત ગણાશે.

**(10)** ઉમેદવારે ભૂરી/કાળી બોલપોઈન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી **(White Ink)**, બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે પ્રશ્નના જવાબમાં કરેલા સુધારા માન્ય ગણાશે નહીં.

**પરીક્ષા આપનાર ઉમેદવારે ઉત્તરપત્ર (OMR SHEET) વર્ગનિરીક્ષકને પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસુર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.**

Teachingninja.in

001. મોઢેરાના સૂર્યમંદિર સંદર્ભે નીચેના વિધાનો ચકાસી, સાચા વિધાનો પસંદ કરો.

1. મંદિર સંકુલ એ ત્રણ અલગ વિભાગોનું મિશ્રણ છે એટલે કે ગર્ભ ગૃહ, ગર્ભ મંડપ અને તોરણદ્વાર સાથેનો સભામંડપ અથવા નૃત્યમંડપ.
2. તોરણની સામે એક વિશાળ લંબચોરસ કુંડ આવેલો છે જે રામકુંડના નામથી પ્રચલિત છે.
3. સભા મંડપ અષ્ટકોણીય છે.

(A) માત્ર 1 (B) માત્ર 2
(C) માત્ર 3 (D) આપેલ તમામ

002. જૂનાગઢમાં જોવા મળતી ક્ષત્રિય કાલીન બૌદ્ધ ગુફાઓમાં બૌધ્ધ ધર્મના કયા પંથનો પ્રભાવ જોવા મળે છે?

(A) હિનયાન (B) મહાયાન
(C) થેરાવાદ (D) આપેલ તમામ

003. સોલંકી કાળમાં બનેલું શેખાના મહાદેવનું મંદિર ગુજરાતના કયા વિસ્તારમાં આવેલું છે?

(A) વઢીયાર (B) પોશીના પટ્ટો
(C) ચુંવાળ (D) ગોઢ

004. મેઘમેળા વિશે નીચેના વિધાનો પૈકી કેટલા વિધાનો સાચા છે?

1. તે ભરૂચ જિલ્લામાં ઉજવાય છે.
2. તે દર વર્ષે શ્રાવણ વદ નોમના દિવસે ઉજવાય છે.
3. આ મેળામાં મુખ્યત્વે ભાઈ જ્ઞાતિના લોકો ભાગ લે છે.
4. આ મેળામાં ભોઈવાડાના ઘોઘારાવના મંદિરમાંથી મેઘરાજાની સવારી ઘોડા ઉપર નીકળે છે.

(A) કોઈપણ એક વિધાન સાચું છે (B) કોઈપણ બે વિધાન સાચા છે
(C) કોઈ પણ ત્રણ વિધાન સાચા છે (D) તમામ વિધાનો સાચા છે

005. ધમાલ નૃત્યમાં સ્ત્રીઓ દ્વારા વગાડવામાં આવતા વાજિંત્રને શું કહેવાય છે?

(A) માયમિસરા (B) મશિરા
(C) A અને B બંને (D) એકપણ નહીં

006. ઠાગા નૃત્ય ગુજરાતના કયા જન સમુદાય સાથે સંકળાયેલું છે?

(A) નળ કાંઠાના પઢારો (B) ઉત્તર ગુજરાતના ઠાકોરો
(C) દક્ષીણ ગુજરાતના કોળીઓ (D) આપેલ તમામ

007. નાગદેવતા પંચમહાલ અને ખેડા વિસ્તારમાં કયા રૂપે પૂજાય છે?

(A) ચરમલીયા દાદા (B) ગોગા નારાયણ
(C) ભાદરવા દેવ (D) ભાથી ખત્રી



Teachingninja.in

008. પિઠોરો ચીતરતી વેળાએ લખારો સૌપ્રથમ કોનો ઘોડો ચિતરે છે?

(A) પિઠોરા દેવનો
(B) પિઠોરાની રાણીનો
(C) પીઠોરાની માતાનો
(D) ગણેશજીનો

009. 'ઠેશ' અને 'શૂરાપૂરા' શબ્દો શેની સાથે સંકળાયેલા છે?

(A) લોક નૃત્ય
(B) લોક કથાઓ
(C) દેવી દેવતાઓ
(D) પાળીયા

010. કચ્છી ભાષા નીચેનામાંથી કઈ બે ભાષાઓનું મિશ્રણ છે?

(A) પારસી અને કાકરી
(B) કાકરી અને કાઠિયાવાડી
(C) કાકરી અને સિંધી
(D) સિંધી અને ગુજરાતી

011. નીચેના વિસ્તારના વર્તમાન નામ અને પ્રાચીન નામ બાબતે સાચો વિકલ્પ પસંદ કરો.

| | | | |
|---|---|---|---|
| (1) | ભાવનગર | (A) | હાલાર |
| (2) | જામનગર | (B) | સૌરઠ |
| (3) | જુનાગઢ | (C) | ગોહિલવાડ |
| (4) | સુરેન્દ્રનગર | (D) | ઝાલાવાડ |

(A) 1-C, 2-A, 3-B, 4-D
(B) 1-A, 2-C, 3-B, 4-D
(C) 1-C, 2-A, 3-D, 4-B
(D) 1-B, 2-A, 3-C, 4-D

012. ગુજરાતમાં સોલંકી યુગના ક્યાં રાજવીને 'ગુજરાતના અશોક' તરીકે ઓળખવામાં આવે છે?

(A) ભીમદેવ
(B) જયસિંહ
(C) કુમારપાળ
(D) ત્રિભુવનપાળ

013. નીચેનામાંથી હડપ્પીય સભ્યતાના ક્યાં સ્થળેથી 'ડોકયાર્ડના' પુરાવા મળ્યા છે કે જેથી કહી શકાય કે જે-તે સમયે તે સ્થળ બંદર હશે?

(A) રંગપુર
(B) લોથલ
(C) હડપ્પા
(D) દેશલપર

014. નીચેનામાંથી ક્યાં રાજવીઓના સમયમાં ગુજરાતનું પાટનગર 'વલ્લભીપુર' હતું કે જ્યાં જૈન ધર્મની બીજી ધર્મમહાસભાનું આયોજન થયું હતું?

(A) મૌર્યકાળ
(B) ગુપ્તકાળ
(C) મૈત્રકકાળ
(D) સોલંકીકાળ

015. નીચેનામાંથી ક્યાં રાજવી દ્વારા ચાંપાનેર અને અણહિલપુર પાટણને વસાવ્યું હતું?

(A) વનરાજ ચાવડા
(B) સિધ્ધરાજ જયસિંહ
(C) મહેમુદ બેગડો
(D) વિરધવલ



Teachingninja.in

016. 1498માં ભારતમાં પ્રથમ યુરોપીયન વિદેશી પ્રજાતિ તરીકે પોર્ટુગીઝ આવેલા. નીચેનામાંથી ગુજરાતમાં પ્રથમ આવનાર વિદેશી પ્રજા કોણ હતી?

(A) પોર્ટુગીઝ
(B) બ્રિટિશ
(C) ડચ
(D) ફ્રેંચ

017. ગુજરાતના આગેવાન 'મુખી ગરબડદાસ' નીચેનામાંથી ક્યાં આંદોલન સાથે સંકળાયેલા હતા?

(A) હિન્દ છોડો ચળવળ
(B) દાંડી યાત્રા
(C) મહાગુજરાત આંદોલન
(D) 1857નું આંદોલન

018. નીચેનામાંથી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ગુજરાતમાં યોજાયેલ ક્યાં અધિવેશનમાં કોંગ્રેસનું બે ભાગમાં વિભાજન થયુ હતું?

(A) 1907ના અમદાવાદ અધિવેશન
(B) 1907ના સુરત અધિવેશન
(C) 1902ના સુરત અધિવેશન
(D) 1902ના અમદાવાદ અધિવેશન

019. નીચેનામાંથી ક્યાં ગુજરાતી ક્રાંતિકારી દ્વારા લંડનમાં ઈન્ડિયા હાઉસની સ્થાપના કરી હતી?

(A) શ્યામજીકૃષ્ણ વર્મા
(B) ગાંધીજી
(C) મેડમ ભિખાઈજી કામા
(D) રતુભાઈ અદાણી

020. નીચેનામાંથી કયા કારણસર 9 જાન્યુઆરીને પ્રવાસી ભારતીય દિવસ તરીકે ઉજવવામાં આવે છે?

(A) મહાત્મા ગાંધીજી 9 જાન્યુઆરી 1915ના રોજ બ્રિટનથી ભારત આવ્યા હોવાથી
(B) મહાત્મા ગાંધીજી 9 જાન્યુઆરી 1915ના રોજ દક્ષિણ આફ્રિકાથી ભારત આવ્યા હોવાથી
(C) મહાત્મા ગાંધીજી 9 જાન્યુઆરી 1914ના રોજ દક્ષિણ આફ્રિકાથી ભારત આવ્યા હોવાથી
(D) મહાત્મા ગાંધીજી 9 જાન્યુઆરી 1914ના રોજ બ્રિટનથી ભારત આવ્યા હોવાથી

021. નીચે આપેલા ગુજરાતના સત્યાગ્રહોને તેની ઘટનાના ક્રમમાં યોગ્ય ગોઠવણી પ્રમાણેનો સાચો વિકલ્પ પસંદ કરો.

(A) ખેડા, બોરસદ, બારડોલી, દાંડીકૂચ
(B) દાંડીકૂચ, ખેડા, બોરસદ, બારડોલી
(C) બોરસદ, બારડોલી, ખેડા, દાંડીકૂચ
(D) ખેડા, બારડોલી, બોરસદ, દાંડીકૂચ

022. નીચેનામાંથી કયા પ્રસંગે મહાત્મા ગાંધીજી દ્વારા પ્રતિજ્ઞા લેવાયેલ કે 'હું કાગડા કૂતરાના મોત મરીશ પરંતુ સ્વરાજ લીધા વિના આશ્રમમાં પગ મૂકીશ નહીં.' સાચો વિકલ્પ પસંદ કરો.

(A) હિન્દ છોડો આંદોલન
(B) દાંડીયાત્રા
(C) ગોળમેજી પરિષદ
(D) અમદાવાદ મિલ મજૂર આંદોલન


Teachingninja.in

023. મહાત્મા ગાંધીજી દ્વારા નીચેનામાંથી ક્યું પુસ્તક દરિયાઈ મુસાફરી દરમિયાન ભારતીય પ્રજાની જાગૃતિ માટે વાચક અને અધિપતીનાં રૂપે લખેલ છે?

(A) મારા સ્વપ્નનું ભારત
(B) આરોગ્યની સાચી ચાવી
(C) સત્યના પ્રયોગો
(D) હિન્દ સ્વરાજ

024. શહીદ વિનોદ કિનારીવાલા અને ઉમાંકાંત કડિયા કઈ લડત સાથે જોડાયેલ હતા?

(A) ખેડા સત્યાગ્રહ
(B) હિંદ છોડો ચળવળ
(C) મહાગુજરાત આંદોલન
(D) આરજી હકૂમત

025. પ્રાચીન સમયમાં 'દંડકારણ્ય' તરીકે ઓળખાતો પ્રદેશ હાલમાં નીચેનામાંથી કયા નામે ઓળખાય છે?

(A) અંબાજી
(B) દાહોદ
(C) ડાંગ
(D) કચ્છ

026. ગુજરાત શબ્દ નીચેનામાંથી કયા શબ્દ પરથી ઊતરી આવેલ છે?

(A) ગુર્જરત્રા
(B) ગૂર્જરપ્રદેશ
(C) ગૂર્જરદેશ
(D) ગુર્જર ભૂમિ

027. નીચેનામાંથી ક્યો સત્યાગ્રહ બહારવટિયાઓના ત્રાસ વધવા બાબતે નાખવામાં આવેલ હૈડીયા વેરાને સંબંધિત છે?

(A) ધરાસણા સત્યાગ્રહ
(B) ખેડા સત્યાગ્રહ
(C) બારડોલી સત્યાગ્રહ
(D) બોરસદ સત્યાગ્રહ

028. મહાગુજરાત આંદોલન સાથે નીચેનામાંથી કોણ જોડાયેલ નહોતું.

(A) પ્રબોધ રાવલ
(B) રતુભાઈ અદાણી
(C) ઈન્દુલાલ યાજ્ઞિક
(D) જયંતી દલાલ

029. 'સ્વરાજ આશ્રમ' નીચેનામાંથી કોની સાથે સંકળાયેલા છે?

(A) સરદાર વલ્લભભાઈ પટેલ
(B) મહાત્મા ગાંધીજી
(C) જીવરાજ મહેતા
(D) મોરારજી દેસાઈ

030. આરજી હકૂમત નીચેનામાંથી કઈ બાબત સાથે સંકળાયેલ છે?

(A) જૂનાગઢનું પાકિસ્તાનની સાથે જોડાણના વિરોધની લડત માટેનું સંગઠન
(B) બૃહદ મુંબઈમાંથી અલગ ગુજરાતની રચના માટે
(C) હિન્દ છોડો લડત વખતે ગુજરાતના પ્રતિનિધિત્વ માટે બનાવાયેલ સંગઠન
(D) ભાષાપંચના રિપોર્ટની વિરૂધ્ધમાં લડત માટે રચાયેલ સંગઠન



Teachingninja.in

031. ભારતીય બંધારણમાં આમુખ બાબતે નીચેનામાંથી સાચા વિકલ્પની પસંદગી કરો.

વિધાન 1. આમુખમાં 3 પ્રકારના ન્યાય અને 5 પ્રકારની સ્વતંત્રતાની બાબત છે.

વિધાન 2. બેરુબારી કેસ મુજબ આમુખ બંધારણનો અભિન્ન હિસ્સો છે જ્યારે કેશવાનંદ ભારતી કેસ પ્રમાણે આમુખ બંધારણનો ભાગ નથી.

વિધાન 3. 44માં બંધારણીય સુધારાથી આમુખમાં સમાજવાદ અને બિનસાંપ્રદાયીકતા જેવા શબ્દો ઉમેરવામાં આવ્યા.

(A) માત્ર વિધાન 1 સાચું છે.
(B) વિધાન 1 અને 2 સાચા છે.
(C) વિધાન 1 અને 3 સાચા છે.
(D) તમામ વિધાન સાચા છે.

032. નીચેના વિકલ્પમાંથી માત્ર ભારતીય નાગરિકને મળતા મૂળભૂત અધિકારો કે જે વિદેશી નાગરિકને ન મળે તેનો સાચો વિકલ્પ પસંદ કરો.

વિધાન 1. અનુચ્છેદ 14 મુજબ કાયદા સમક્ષ સમાનતા અને કાયદાનું સમાન રક્ષણ

વિધાન 2. અનુચ્છેદ 16માં જાહેર નોકરીની બાબતમાં સમાનતા

વિધાન 3. અનુચ્છેદ 19 મુજબ વાણી સ્વતંત્રતાનો અધિકાર

વિધાન 4. અનુચ્છેદ 21 મુજબ જીવન જીવવાનો અધિકાર

વિધાન 5. અનુચ્છેદ 25 મુજબ ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર

(A) વિધાન 1 અને 2 સાચું છે.
(B) વિધાન 1 અને 3 સાચા છે.
(C) વિધાન 2 અને 3 સાચા છે.
(D) વિધાન 1,3 અને 5 સાચા છે.

033. કેશવાનંદ ભારતી કેસ બાબતે નીચેનામાંથી સાચા વિકલ્પની પસંદગી કરો.

વિધાન 1. સંસદ બંધારણના મૂળભૂત ઢાંચાને (Basic Structure) ધ્યાનમાં રાખીને મૂળભૂત અધિકારોમાં સુધારાઓ કરી શકે.

વિધાન 2. ન્યાયિક પુનઃઅવલોકન (Judicial Review) એ મૂળભૂત ઢાંચા છે.

(A) વિધાન 1 સાચું છે.
(B) વિધાન 2 સાચું છે.
(C) બંને વિધાન ખોટા છે.
(D) બંને વિધાન સાચા છે.

034. રાજ્યનીતિના માર્ગદર્શક સિધ્ધાંતો બાબતે નીચેના વિકલ્પમાંથી સાચા વિકલ્પની પસંદગી કરો.

વિધાન 1 : આયરલેંડના બંધારણમાંથી પ્રેરણા લઈને ભારતીય બંધારણમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિધ્ધાંતો અપનાવવામાં આવેલા છે.

વિધાન 2 : કલ્યાણરાજ્યના નિર્માણમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો ઉપયોગી છે.

વિધાન 3 : રાજ્યનીતિના માર્ગદર્શક સિધ્ધાંતોનો અમલ કરવો એ સરકાર માટે ફરજિયાત છે.

વિધાન 4 : રાજ્યનીતિના માર્ગદર્શક સિધ્ધાંતોમાં અત્યાર સુધીમાં 42માં, 44માં અને 86માં બંધારણીય સુધારાથી સુધારો કરવામાં આવેલ છે.

(A) વિધાન 1, 2 અને 3 સાચા છે.
(B) વિધાન 1, 2 અને 4 સાચા છે.
(C) વિધાન 2, 3 અને 4 સાચા છે.
(D) વિધાન 1, 3 અને 4 સાચા છે.



Teachingninja.in

035. ભારતીય બંધારણમાં મૂળભૂત ફરજો બાબતે નીચેના વિકલ્પમાંથી અયોગ્ય (ખોટા) વિકલ્પની પસંદગી કરો.

વિધાન 1 : રશિયાના બંધારણને ધ્યાને રાખીને સ્વર્ણસિંહ કમિટીની ભલામણથી ભારતીય બંધારણમાં 44 બંધારણીય સુધારાથી મૂળભૂત ફરજો ઉમેરવામાં આવી.

વિધાન 2 : સ્વર્ણસિંહ કમિટી દ્વારા ફરજોના અમલમાં ચૂક બદલ શિક્ષાની જોગવાઈની ભલામણ કરેલ હતી.

વિધાન 3 : આવકવેરાની ચુકવણી કરવી એ મૂળભૂત ફરજ છે.

(A) વિધાન 1 અને 2
(B) માત્ર વિધાન 3
(C) વિધાન 2 અને 3
(D) વિધાન 1 અને 3

036. ભારતીય સંસદ બાબતે નીચેના વિકલ્પમાંથી સાચા વિકલ્પની પસંદગી કરો.

વિધાન 1 : મૂળભૂત અધિકારોના અમલ બાબતના કાયદા માત્ર સંસદ જ ઘડી શકે છે.

વિધાન 2 : અનુચ્છેદ 79 મુજબ સંસદમાં રાષ્ટ્રપતિ, લોકસભા અને રાજ્યસભાનો સમાવેશ થાય છે.

વિધાન 3 : સંસદના નીચલા ગૃહના સભ્યો દ્વારા સંબંધિત રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશનું પ્રતિનિધિત્વ કરવામાં આવે છે જ્યારે ઉપલા ગૃહના સભ્યો દ્વારા પ્રજાનું પ્રતિનિધિત્વ કરવામાં આવે છે.

(A) વિધાન 1 અને 2
(B) તમામ વિધાન સાચા છે.
(C) વિધાન 2 અને 3
(D) વિધાન 1 અને 3

037. સંસદમાં સભ્યો દ્વારા લાવવામાં આવતા નિંદા પ્રસ્તાવ (censure motion) અને અવિશ્વાસ પ્રસ્તાવ (No Confidence motion) બાબતે નીચેના વિકલ્પમાંથી સાચા વિકલ્પની પસંદગી કરો.

પ્રશ્ન રદ કરેલ છે.

વિધાન 1 : નિંદા પ્રસ્તાવ લાવવા માટેનું કારણ રજૂ કરવું પડે જ્યારે અવિશ્વાસ પ્રસ્તાવ માટે કારણ રજૂ કરવું જરૂરી નથી.

વિધાન 2 : નિંદા પ્રસ્તાવ સંસદમાં જો બહુમતીથી પસાર થાય તો મંત્રીમંડળએ રાજીનામું આપવાની જરૂર નથી, જ્યારે અવિશ્વાસ પ્રસ્તાવ સંસદમાં જો બહુમતીથી પસાર થાય તો મંત્રીમંડળએ રાજીનામું આપવું પડે.

(A) વિધાન 1 અને 2
(B) તમામ વિધાન સાચા છે
(C) વિધાન 2 અને 3
(D) વિધાન 1 અને 3

038. નાણાં બિલ (Money Bill) બાબતે નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

વિધાન 1 : નાણાં બિલ રાષ્ટ્રપતિશ્રીની પૂર્વમંજૂરી બાદ જ લાવી શકાય.

વિધાન 2 : નાણાં બિલ નક્કી કરવાની આખરી સત્તા રાજ્યસભાના અધ્યક્ષ હોય.

વિધાન 3 : નાણાંબિલ માત્ર મંત્રીમંડળના સભ્ય દ્વારા માત્ર લોકસભામાં લાવી શકાય.

વિધાન 4 : નાણાંબિલને મંજૂરી આપવી એ રાષ્ટ્રપતિશ્રી માટે બંધનકર્તા છે.

(A) વિધાન 1 અને 2
(B) વિધાન 3 અને 4
(C) વિધાન 2 અને 3
(D) વિધાન 1 અને 3



Teachingninja.in

039. કેન્દ્ર સરકારના વહીવટીતંત્રમાં નીચેનામાંથી કોણ આવી શકે? સાચો વિકલ્પ પસંદ કરો.

(A) રાષ્ટ્રપતિશ્રી, એડવોકેટ જનરલ, હાઈકોર્ટના ન્યાયાધીશ

(B) ઉપરાષ્ટ્રપતિશ્રી, રાજ્યપાલશ્રી, સુપ્રિમકોર્ટના ન્યાયાધીશ

(C) રાષ્ટ્રપતિશ્રી, પ્રધાનમંત્રીશ્રી, એટર્ની જનરલ

(D) રાજ્યપાલશ્રી, એડવોકેટ જનરલ, સોલિસિટર જનરલ

040. રાષ્ટ્રપતિશ્રીની ચૂંટણી બાબતે નીચેનામાંથી સાચા વિકલ્પની પસંદગી કરો.

વિધાન 1 : દરેક રાજ્યના વિધાનસભ્યના મતનું મૂલ્ય સમાન હોય છે.

વિધાન 2 : સંસદસભ્યના મતનું મૂલ્ય રાજ્યવાર અલગ અલગ હોય છે.

વિધાન 3 : રાષ્ટ્રપતિશ્રીની ચૂંટણીમાં માત્ર ચૂંટાયેલ સભ્યો ભાગ લે છે.

(A) માત્ર વિધાન 1 (B) માત્ર વિધાન 3

(C) માત્ર વિધાન 2 (D) વિધાન 1 અને 3

041. રાષ્ટ્રપતિશ્રી અને રાજ્યપાલશ્રીની સજામાફી કે સજામાં રાહત આપવાની સત્તા બાબતે નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

વિધાન 1 : રાષ્ટ્રપતિશ્રી મૃત્યુદંડની સજામાં માફી આપી શકે છે જ્યારે રાજ્યપાલશ્રીને મૃત્યુદંડની સજામાં કોઈ રાહત આપવાની સત્તા નથી.

વિધાન 2 : અનુસૂચિ 7માં કેન્દ્રિય લિસ્ટમાં નોંધાયેલી બાબતોમાં રાજ્યપાલશ્રી માફી આપી શકતા નથી.

વિધાન 3 : કોર્ટ માર્શલના કેસમાં રાજ્યપાલશ્રી માફી આપી શકતા નથી.

(A) વિધાન 1 અને 2 (B) તમામ વિધાન સાચા છે

(C) વિધાન 2 અને 3 (D) વિધાન 1 અને 3

042. સુપ્રીમકોર્ટના જજની નિમણૂક માટેની નીચે દર્શાવેલ લાયકાતમાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

વિધાન 1 : હાઈકોર્ટમાં 5 વર્ષનો ન્યાયાધીશનો કે 10 વર્ષનો વકીલાતનો અનુભવ હોવો જોઈએ

વિધાન 2 : રાષ્ટ્રપતિશ્રીના મતે કાયદાશાસ્ત્રી હોવા જોઈએ.

વિધાન 3 : લઘુત્તમ 30 વર્ષ ઉંમર હોવી જોઈએ.

(A) વિધાન 1 અને 2 (B) તમામ વિધાન સાચા છે.

(C) વિધાન 2 અને 3 (D) વિધાન 1 અને 3

043. ભારતીય ન્યાયવ્યવસ્થાને સંકલિત અને સ્વતંત્ર કહેવાય છે. આપેલ વાક્યના સંદર્ભમાં સાચા વિકલ્પની પસંદગી કરો.

વિધાન 1 : સંકલિત ન્યાયવ્યવસ્થા મુજબ કેન્દ્ર અને રાજ્યના કાયદા બાબતે નિર્ણય કરવામાં આવે છે જેમાં નીચલી કોર્ટ બાદ હાઈકોર્ટ અને સુપ્રિમકોર્ટની વ્યવસ્થા છે.

વિધાન 2 : સ્વતંત્ર ન્યાયવ્યવસ્થા મુજબ ન્યાયતંત્ર કારોબારી અને ધારાસભાથી સ્વતંત્ર છે.

(A) વિધાન 1 અને 2 બંને સાચા છે. (B) વિધાન 1 અને 2 બંને ખોટાં છે.

(C) માત્ર વિધાન 1 સાચું છે. (D) માત્ર વિધાન 2 સાચું છે.



Teachingninja.in

044. 104માં બંધારણીય સુધારા બાબતે નીચેના વિકલ્પમાંથી સાચા વિકલ્પની પસંદગી કરો.

વિધાન 1 : લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં એંગ્લો-ઈન્ડિયન્સ માટે બેઠકોનું અનામત બંધ કર્યું.

વિધાન 2 : લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં SC અને ST માટે અનામતને વધુ દસ વર્ષ સુધી લંબાવ્યું.

(A) માત્ર વિધાન 1 સાચું છે.
(B) માત્ર વિધાન 2 સાચું છે.
(C) વિધાન 1 અને 2 બંને ખોટાં છે.
(D) વિધાન 1 અને 2 બંને સાચા છે.

045. ભારતીય બંધારણના ક્યાં અનુચ્છેદ મુજબ રાષ્ટ્રપતિશ્રી દ્વારા એટર્ની જનરલની નિમણૂક કરવામાં આવે છે?

(A) અનુચ્છેદ 75
(B) અનુચ્છેદ 76
(C) અનુચ્છેદ 77
(D) અનુચ્છેદ 78

046. નીચેનામાંથી કઈ સંસ્થા દ્વારા સ્પર્ધાત્મક અને સહકારી સંઘવાદને (competitive and cooperative federalism) પ્રોત્સાહન આપવામાં આવે છે?

(A) નીતિ આયોગ
(B) સેબી
(C) ચૂંટણી પંચ
(D) સંઘ જાહેર સેવા આયોગ (UPSC)

047. નીચેના વિધાનમાંથી સાચા વિધાનની પસંદગી કરો.

વિધાન 1 : ભારતીય નાણાંપંચ એ બંધારણીય પ્રકારની સંસ્થા છે.

વિધાન 2 : રાજ્ય નાણાંપંચ એ બંધારણીય પ્રકારની સંસ્થા નથી.

(A) વિધાન 1 અને 2 બંને ખોટાં છે.
(B) વિધાન 1 અને 2 બંને સાચા છે.
(C) માત્ર વિધાન 1 સાચું છે.
(D) માત્ર વિધાન 2 સાચા છે

048. નીચેનામાંથી કઈ કમિટી પંચાયતી રાજ સંસ્થા સાથે સંબંધિત નથી?

(A) અશોક મહેતા કમિટી
(B) જી.વી.કે.રાવ કમિટી
(C) એલ.એમ.સિંગવી કમિટી
(D) આર.કે.મિશ્રા કમિટી

049. કેન્દ્રિય સતર્કતા કમિશ્નરની (Central Vigilance Commissioner) નિમણૂક માટેની ભલામણ કમિટીમાં નીચેનામાંથી કોનો કમિટીના સભ્યમાં સમાવેશ થતો નથી?

(A) પ્રધાનમંત્રીશ્રી
(B) કેન્દ્રિય ગૃહ મંત્રીશ્રી
(C) સુપ્રીમકોર્ટના મુખ્ય ન્યાયાધીશ
(D) લોકસભામાં વિરોધ પક્ષના નેતા

050. નીચેનામાંથી કઈ સંસ્થા ગેરબંધારણીય અને બિન-વૈધાનિક (Non constitutional and non-statutory body) પ્રકારની છે?

(A) CAG
(B) સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI)
(C) કેન્દ્રિય સતર્કતા આયોગ (CVC)
(D) લોકપાલ



Teachingninja.in

051. ભારત સરકાર દ્વારા 'એક દેશ, એક ચૂંટણી (One nation, One election)' ની સંભાવના તપાસવા કોના અધ્યક્ષસ્થાને સમિતિની રચના કરવામાં આવેલ છે?

(A) શ્રી રામનાથ કોવિંદ
(B) શ્રી સુમિત્રા મહાજન
(C) શ્રી ઓમ બિરલા
(D) શ્રી ડી.વાય.ચંદ્રચૂડ

052. હમણાં ગાંધીનગર ખાતે 26મી પશ્ચિમ ઝોનલ કાઉન્સિલ (Western Zonal Council) ની મિટિંગનું આયોજન થયેલું, જે બાબતે નીચેનામાંથી સાચા વિકલ્પની પસંદગી કરો.

વિધાન 1 : માન.પ્રધાનમંત્રીશ્રીની અધ્યક્ષતામાં ઉપરની મિટિંગનું આયોજન થયેલું.

વિધાન 2 : ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશ સરકાર દ્વારા ઉપરની મિટિંગમાં હાજરી આપી હતી.

(A) વિધાન 1 અને 2 બંને સાચા છે.
(B) વિધાન 1 અને 2 બંને ખોટાં છે.
(C) માત્ર વિધાન 1 સાચું છે.
(D) માત્ર વિધાન 2 સાચું છે.

053. ભારત સરકારની પહેલ "મેઘરાજ" નીચેનામાંથી કઈ બાબત સાથે સંબંધિત છે?

(A) ક્લાઉડ કમ્પ્યુટીંગ એન્વાયરમેન્ટનો સમૂહ
(B) કૃષિ ડેટા એનાલીટીક્સ સોફ્ટવેર
(C) ઈ-ગવર્નન્સના અમલીકરણ માટેના સિધ્ધાંતોનો સમૂહ
(D) દેશભરમાં હવામાન આગાહી અને વરસાદ આગાહી માટેનું સુપર કમ્પ્યૂટર

054. ચન્દ્રયાન-3ની સફળતા બાદ પ્રજ્ઞાન અને વિક્રમ વિષે ચર્ચા થતી રહે છે તો તે બાબતે નીચેના વિધાનમાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

વિધાન 1 : વિક્રમ લેન્ડર એ ચંદ્રની સપાટી પર સોફ્ટ ઉતરાણ (લેંડિંગ) માટે જવાબદાર છે.

વિધાન 2 : પ્રજ્ઞાન રોવર એ ચંદ્રની સપાટી પર ફરી રહ્યું છે અને ચંદ્ર વિષેની માહિતી મોકલી રહ્યું છે.

(A) વિધાન 1 અને 2 બંને સાચા છે
(B) વિધાન 1 અને 2 બંને ખોટાં છે
(C) માત્ર વિધાન 1 સાચું છે
(D) માત્ર વિધાન 2 સાચું છે

055. ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટિંગ ઓથોરીટી (RERA) બાબતે નીચેના વિધાનમાંથી સાચા વિકલ્પની પસંદગી કરો.

વિધાન 1 : ગુજરાત રેરાના અધ્યક્ષ તરીકે સુશ્રી અનીતા કરવાલની નિમણૂક કરવામાં આવી.

વિધાન 2 : ગુજરાત રેરાએ કાયદા અન્વયે બનાવેલ વૈધાનિક સંસ્થા છે.

(A) માત્ર વિધાન 1 સાચું છે
(B) માત્ર વિધાન 2 સાચું છે
(C) વિધાન 1 અને 2 બંને સાચા છે
(D) વિધાન 1 અને 2 બંને ખોટાં છે

056. ગુજરાત સરકાર નીચેનામાંથી કઈ નીતિ જાહેર કરવામાં પ્રથમ રાજ્ય બન્યું છે?

(A) ઔદ્યોગિક નીતિ
(B) ઈથેનોલ નીતિ
(C) સેમિકન્ડક્ટર નીતિ
(D) ઈલેક્ટ્રોનિક નીતિ



Teachingninja.in

057. આ વર્ષના રાજ્ય કક્ષાના 'વિશ્વ આદિવાસી દિવસ'ની ઉજવણી રાજ્ય સરકાર દ્વારા તાપી જીલ્લામાં કરવામાં આવી હતી. વિશ્વ આદિવાસી દિવસ કઈ તારીખે મનાવવામાં આવે છે?

(A) 9 જુલાઈ
(B) 9 ઑગસ્ટ
(C) 9 સપ્ટેમ્બર
(D) 8 ઑગસ્ટ

058. વન વેબ (One Web) દ્વારા ભારતમાં સ્થાપિત થનાર બે 'પ્રાઈવેટ સેટેલાઈટ નેટવર્ક' પૈકીનું એક મહેસાણાના જોટાણાંમાં શરૂ કરવા કંપની અને રાજ્ય સરકાર વચ્ચે કરાર થયા છે. પ્રાઈવેટ સેટેલાઈટ નેટવર્કનો મુખ્ય ઉદ્દેશ શું છે?

(A) નાગરિકોને નેટ કનેક્ટિવિટી પૂરી પાડવી
(B) નાગરિકોને સસ્તા મોબાઈલ પૂરા પાડવા
(C) નાગરિકોને સસ્તા દરે લેપટોપ આપવા
(D) નાગરિકોને સાઈબર સુરક્ષા વિષે જાગૃત કરવા

059. ગુજરાત સરકાર દ્વારા આઝાદી માટે શહીદ થનાર વીર આદિવાસી શહીદોને ભાવાંજલી અર્પણ કરવા બનાવેલ 'વીરાંજલી વન' નીચેનામાંથી ક્યાં સ્થળે આવેલ છે?

(A) જેપુરા પાવાગઢ
(B) પાલ દઢવાવ વિજયનગર
(C) ડાંગ
(D) છોટા ઉદેપુર

060. ગુજરાત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ 'પરિક્રમા પથ યોજના'નો મુખ્ય ઉદ્દેશ શું છે?

(A) નાગરિકોને તીર્થધામની યાત્રા કરાવવા બાબત
(B) સિંચાઈની સુવિધા વધારવા બાબત
(C) કૃષિક્ષેત્રના સર્વાંગીક વિકાસ બાબત
(D) સીમાવર્તી વિસ્તારને રોડથી સંપૂર્ણપણે જોડવા બાબત

061. ગુજરાત સરકાર દ્વારા અમલી 'કિસાન સૂર્યોદય યોજના'નો ઉદ્દેશ શું છે?

(A) ખેડૂતોને ખેતી માટે દિવસે વીજળી આપવા બાબત
(B) સ્માર્ટ મીટર લગાવવા બાબત
(C) વીજ ચોરી અટકાવવા બાબત
(D) નવા પાવર સ્ટેશન સ્થાપવા બાબત

062. વિશ્વના પ્રથમ સીએનજી (CNG) ટર્મિનલનું નિર્માણ નીચેનામાંથી ક્યાં સ્થળે થઈ રહ્યું છે?

(A) હજીરા
(B) દહેજ
(C) ભાવનગર
(D) કચ્છ

063. સમુદ્રી ભરતીના કારણે થતી જમીનની ખારાશ અટકાવવા અને ભૂગર્ભજળની ગુણવત્તા સુધારવા ગુજરાત સરકાર દ્વારા ચાલુ કરવામાં આવેલ 'ભાડભૂત યોજના' કઈ નદીને સંબંધિત છે?

(A) તાપી
(B) નર્મદા
(C) સાબરમતી
(D) મહી



Teachingninja.in

064. 'પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના' હેઠળ વાર્ષિક કેટલી રકમ લાભાર્થી કિસાનને સહાય આપવામાં આવે છે?

(A) રૂ. 5000/-
(B) રૂ. 6000/-
(C) રૂ. 9000/-
(D) રૂ. 12,000/-

065. 'મેરા બિલ, મેરા અધિકાર યોજના' નીચેનામાંથી કઈ બાબત વિષે છે?

(A) ગ્રાહકો દ્વારા કરવામાં આવતી ખરીદીના જીએસટી (GST) બિલ અપલોડ કરવા બાબત
(B) આવક વેરો ભરવામાં આવેલ હોય તેના આધારપુરાવા અપલોડ કરવા બાબત
(C) રાજ્ય સરકારની આવકમાં વધારો કરવા બાબત
(D) નાણાકીય ક્ષેત્રે આર્થિક સુધારા કરવા બાબત

066. ગુજરાતનો ક્યો જિલ્લો માત્ર અન્ય એક જ જિલ્લા સાથે સરહદ (સીમા) ધરાવે છે?

(A) ડાંગ
(B) તાપી
(C) દાહોદ
(D) વલસાડ

067. વિજ્ઞાનની લોકપ્રિયતા માટે નીચેના પૈકી કયો પુરસ્કાર આપવામાં આવે છે?

(A) કલામ એવોર્ડ
(B) મેન બુકર પ્રાઈઝ
(C) એબેલ એવોર્ડ
(D) યુનેસ્કો કલીંગા એવોર્ડ

068. 2023ની G20ની શિખર સંમેલનનું નવી દિલ્હી ખાતે હમણાં સમાપન થયું. G20 બાબતે નીચેના વિધાનમાંથી સાચા વિકલ્પની પસંદગી કરો.

વિધાન 1 : G20માં આફ્રિકન યુનિયનનો સમાવેશ કરવામાં આવ્યો.

વિધાન 2 : G20નું વડુ મથક પેરિસમાં આવેલ છે.

વિધાન 3 : આગામી G20 શિખર સંમેલનની અધ્યક્ષતા બ્રાઝિલ દેશને સોંપવામાં આવેલ છે.

(A) વિધાન 1 અને 2
(B) વિધાન 2 અને 3
(C) માત્ર વિધાન 3
(D) વિધાન 1 અને 3

069. હમણાં મોરક્કોમાં વિનાશક ભૂકંપથી ભારે તબાહી સર્જાઈ હતી. મોરક્કોના ભૌગોલીક સ્થાન બાબતે સાચો વિકલ્પ પસંદ કરો.

(A) મોરક્કો આફ્રીકા ખંડમાં દક્ષિણ ભાગમાં આવેલું છે.
(B) મોરક્કો આફ્રીકા ખંડમાં ઉત્તર ભાગમાં આવેલું છે.
(C) મોરક્કો યુરોપ ખંડમાં દક્ષિણ ભાગમાં આવેલું છે.
(D) મોરક્કો યુરોપ ખંડમાં ઉત્તર ભાગમાં આવેલું છે.



Teachingninja.in

070. આબોહવા અને હવામાન બાબતે નીચેનામાંથી સાચા વિકલ્પની પસંદગી કરો.
વિધાન 1 : આબોહવા એ ટૂંકા સમયગાળાની વાતાવરણની સરેરાશ પરિસ્થિતિ છે.
વિધાન 2 : હવામાન એ લાંબા સમયગાળાની વાતાવરણની સરેરાશ પરિસ્થિતિ છે.
(A) માત્ર વિધાન 1 સાચું છે.
(B) માત્ર વિધાન 2 સાચું છે.
(C) બંને વિધાન સાચા છે.
(D) બંને વિધાન ખોટા છે.

071. રાજસ્થાન સરકાર દ્વારા નીચેનામાંથી કઈ નદી પર ડેમ બનાવવાની કાર્યવાહી ચાલુ કરેલ છે કે જેની અસર ધરોઈ ડેમ પર પડી શકે છે. જેના સંદર્ભમાં પડનાર અસરો બાબતે ગુજરાત સરકાર દ્વારા ભારત સરકાર અને રાજસ્થાન સરકારમાં પોતાનો મત રજૂ કર્યો છે.
(A) રૂપેણ
(B) સાબરમતી
(C) મહી
(D) હાથમતી

072. નીચેનામાંથી કયા પ્રદેશમાં 'કંઠીના મેદાન' આવેલા છે?
(A) કચ્છ
(B) સૌરાષ્ટ્ર
(C) દક્ષિણ ગુજરાત
(D) ઉત્તર ગુજરાત

073. નીચેનામાંથી ગુજરાતના કયા જિલ્લામાંથી કર્કવૃત પસાર થતું નથી?
(A) અરવલ્લી
(B) મહીસાગર
(C) મહેસાણા
(D) કચ્છ

074. સૂર્યની ફરતે પોતાના ભ્રમણ દરમ્યાન કઈ તારીખે પૃથ્વી સૂર્યથી સૌથી નજીકના અંતરે હોય છે?
(A) 4થી જાન્યુઆરી
(B) 22 ડિસેમ્બર
(C) 5મી જુલાઈ
(D) 21મી માર્ચ

075. 15મી વિધાનસભાના ત્રીજા સત્રથી ઈ-વિધાન (NeVA) પ્રોજેક્ટનું અમલીકરણ ગુજરાત વિધાનસભા દ્વારા કરવામાં આવ્યું.ઈ-વિધાન (NeVA) નીચેનામાંથી કઈ બાબત સાથે સંબંધિત છે?
(A) વિધાનસભાના કામકાજને પેપરલેસ બનાવવા બાબત
(B) રાજ્યોની વિધાનસભાને એક બીજા સાથે જોડવા બાબત
(C) રાજ્યની વિધાનસભા અને સંસદ વચ્ચે માહિતીની આપ-લે બાબત
(D) ઓનલાઈન વિધાનસભાના સંચાલન બાબત

076. ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ 'પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના' નીચેનામાંથી કઈ બાબત સાથે સંબંધિત છે?
(A) ધાર્મિક પ્રસંગોની ઉજવણી માટે આર્થિક સહાય બાબત
(B) સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે પ્રોત્સાહન આપવા બાબત
(C) 18 પ્રકારના વિવિધ કામોમાં જોડાયેલ શ્રમિકોના કલ્યાણ માટેની યોજના
(D) ભારતીય સભ્યતાના સંવર્ધન માટે વિદેશમાં આર્થિક સહાય બાબત


Teachingninja.in

077. ભારત દ્વારા નીચેનામાંથી કયા વર્ષ સુધીમાં 'નેટ ઝીરો ઉત્સર્જન (Net zero emissions)' નું લક્ષ રાખવામાં આવ્યુ છે?

(A) 2030
(B) 2050
(C) 2060
(D) 2070

078. સરકાર દ્વારા ઔદ્યોગિક ઉત્સર્જનને નિયંત્રિત અને પ્રદુષણના સ્તરને ઘટાડવા એમિશન ટ્રેડિંગ સ્કિમ (ETS) ની શરૂઆત કરવામાં આવેલ છે. નીચેનામાંથી કયાં બે શહેરમાં એમિશન ટ્રેડિંગ સ્કિમ (ETS) હાલમાં અમલમા છે?

(A) અમદાવાદ અને રાજકોટ
(B) રાજકોટ અને સુરત
(C) અમદાવાદ અને સુરત
(D) સુરત અને જામનગર

079. હમણાં ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગમાં ચેરમેન અને સભ્યની નિમણૂક કરવામાં આવી. તે બાબતે નીચેનામાંથી સાચા વિકલ્પની પસંદગી કરો.

વિધાન 1 – તેમની નિમણૂંક રાજ્યપાલશ્રી દ્વારા પસંદગી સમિતીની ભલામણના આધારે કરવામાં આવે છે.

વિધાન 2 - પસંદગી સમિતીના સભ્યોમાં મુખ્યમંત્રીશ્રી, વિધાનસભાના અધ્યક્ષશ્રી અને વિરોધ પક્ષના નેતાશ્રીનો સમાવેશ થાય છે.

(A) માત્ર વિધાન 1 સાચું છે.
(B) માત્ર વિધાન 2 સાચું છે.
(C) બંને વિધાન સાચા છે.
(D) બંને વિધાન ખોટા છે.

080. ગુજરાતમાં આયોજિત મેળા અને તેને સંલગ્ન જિલ્લા બાબતે નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

| | |
|---|---|
| (1) શામળાજીનો મેળો | (A) સુરેન્દ્રનગર |
| (2) વૌઠાનો મેળો | (B) જુનાગઢ |
| (3) ભવનાથનો મેળો | (C) અમદાવાદ |
| (4) તરણેતરનો મેળો | (D) અરવલ્લી |

(A) 1-C, 2-A, 3-B, 4-D
(B) 1-A, 2-C, 3-B, 4-D
(C) 1-C, 2-A, 3-D, 4-B
(D) 1-D, 2-C, 3-B, 4-A

081. સુનામીએ ભયાનક સમુદ્રી મોજા છે જેના ઉત્પાદનનું કારણ નીચેનામાંથી ક્યું છે?

(A) સમુદ્રની સપાટી કે પેટાળમાં ભૂકંપ કે જ્વાળામુખીના કારણે
(B) ચંદ્રગ્રહણ કે સૂર્યગ્રહણના કારણે
(C) સમુદ્રમાં જળવાયુ પરીવર્તનની અસરના કારણે
(D) પાણીની ક્ષારતામાં બદલાવ આવવાથી

082. નેચરલ લેન્ગ્વેજ પ્રોસેસિંગ એ (Natural language processing) નીચેનામાંથી કઈ બાબત સાથે સંકળાયેલ છે?

(A) અવકાશ ટેક્નોલોજી
(B) બાયોટેકનોલોજી
(C) પરમાણું ઉર્જા
(D) આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ



Teachingninja.in

083. નીચેનામાંથી ક્યાં સેલ વીજળીના ઉત્પાદન માટે સૌર ઉર્જાનો ઉપયોગ કરે છે?

(A) ફોટોરીએક્ટિવ સેલ
(B) ફોટોવોલ્ટેઈક સેલ
(C) ફોટો સિન્થેટીક સેલ
(D) ફોટો લિથિક સેલ

084. વનઅભ્યારણ અને સ્થળ બાબતે સાચા વિકલ્પની પસંદગી કરો.

| | |
|---|---|
| (1) ખીજડીયા પક્ષી અભ્યારણ | (A) મોરબી |
| (2) રામપરા અભ્યારણ | (B) અમરેલી |
| (3) જેસર રીંછ અભ્યારણ | (C) જામનગર |
| (4) પનીયા વન્યજીવ અભ્યારણ | (D) બનાસકાંઠા |

(A) 1-C, 2-A, 3-B, 4-D
(B) 1-A, 2-C, 3-B, 4-D
(C) 1-C, 2-A, 3-D, 4-B
(D) 1-D, 2-C, 3-B, 4-A

085. હમણાં ઈસરો દ્વારા 'Aditya L1' મિશન અન્વયે સ્પેશક્રાફ્ટને અવકાશમાં મોકલ્યું. Aditya-L1 બાબતે નીચેના વિધાનમાંથી સાચા વિકલ્પની પસંદગી કરો.

વિધાન 1 : ઈસરો દ્વારા અગાઉ 2014માં સૂર્યની સંરચનાના અભ્યાસ માટે એક સ્પેશક્રાફ્ટને મોકલેલ છે.

વિધાન 2 : Aditya-L1 મિશન સૂર્યની સપાટી પર સોફ્ટ લેંડિંગ કરીને સૂર્ય વિષેની માહિતીની આપલે કરશે.

(A) માત્ર વિધાન 1 સાચું છે.
(B) માત્ર વિધાન 2 સાચું છે.
(C) બંને વિધાન સાચા છે.
(D) બંને વિધાન ખોટા છે.

086. યુરેનિયમના બે આઈસોટોપ U-235 અને U-238 છે. નીચેના વિધાનમાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

વિધાન 1 : બંનેમાં પ્રોટોનની સંખ્યા સમાન હોય છે

વિધાન 2 : બંનેમાં ન્યૂટ્રોનની સંખ્યા સમાન હોય છે.

વિધાન 3 : પ્રોટોનની સંખ્યા 92 હોય છે.

(A) વિધાન 1 અને 2 સાચા છે.
(B) વિધાન 2 અને 3 સાચા છે.
(C) વિધાન 1 અને 3 સાચા છે.
(D) બધા વિધાન સાચા છે.

087. ગુજરાતની જનજાતિના લોકો પાર્વતીમાતાના ક્યાં રૂપને પૂજે છે? સાચો વિકલ્પ પસંદ કરો.

(A) ભૂમાતા
(B) ઉમાદેવી
(C) પ્રાકૃતિક દેવી
(D) પાંડોર દેવી

088. ગુજરાતના ગીર વિસ્તારમાં જોવા મળતા એશિયાટિક સિંહને IUCN દ્વારા નીચેનામાંથી કઈ કક્ષામાં વર્ગીકૃત કરેલ છે?

(A) સંવેદનશીલ (Vulnerable)
(B) લુપ્તપ્રાય (Endangered)
(C) ચિંતાજનક રીતે લુપ્તપ્રાય (Critically Endangered)
(D) ભયગ્રસ્ત (Near threatened)



Teachingninja.in

089. કાળા રંગની વસ્તુ કાળી દેખાવાનું કારણ નીચેનામાંથી ક્યું છે?

(A) કાળા રંગનું શોષણ કરે છે.
(B) એક પણ રંગને પરાવર્તિત કરતું નથી
(C) પ્રત્યેક રંગને પરાવર્તિત કરે છે.
(D) કાળા રંગને પરાવર્તિત કરે છે.

090. કપિલા, સરસ્વતી અને હિરણ્ય નદીના સંગમ ઉપર ક્યું સ્થળ આવેલું છે?

(A) પોરબંદર
(B) ભાલકા
(C) દ્વારકા
(D) ચાણોદ

091. ભારતીય અર્થતંત્રને નીચેનામાંથી ક્યાં પ્રકારનું અર્થતંત્ર કહી શકાય?

(A) મૂડીવાદી અર્થતંત્ર
(B) સામ્યવાદી અર્થતંત્ર
(C) મિશ્ર અર્થતંત્ર
(D) રક્ષિત અર્થતંત્ર

092. ભારતીય અર્થવ્યવસ્થાના ક્યાં ક્ષેત્ર દ્વારા સૌથી વધુ રોજગારી પૂરી પાડવામાં આવે છે કે જેનો આર્થિક વિકાસમાં ફાળો (GDP) અન્ય ક્ષેત્રની સાપેક્ષમાં ઓછો છે?

(A) પ્રાથમિક ક્ષેત્ર
(B) દ્વીતીય ક્ષેત્ર
(C) તૃતીય ક્ષેત્ર
(D) ચતુર્થ ક્ષેત્ર

093. ભારતીય અર્થવ્યવસ્થાના અંદાજિત કદ બાબતે નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) $ 3.5 બિલિયન
(B) $ 3.5 ટ્રિલિયન
(C) $ 5 બિલિયન
(D) $ 5 ટ્રિલિયન

094. સ્વતંત્રતા પહેલા કોના દ્વારા રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકની ગણતરીનો સૌ પ્રથમ પ્રયાસ કર્યો હતો? સાચો વિકલ્પ પસંદ કરો.

(A) રોબર્ટ ક્લાઈવ
(B) પી. સી. મહાલનોબીસ
(C) એમ. વિશ્વેશ્વરાય
(D) દાદાભાઈ નવરોજી

095. નીચેનામાંથી કઈ પંચવર્ષીય યોજનામાં બેરોજગારી અને ગરીબી પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવેલ તથા 20 મુદ્દા કાર્યક્રમ અમલી કરવામાં આવેલ?

(A) તૃતીય
(B) ચોથી
(C) પાંચમી
(D) છઠ્ઠી

096. નીતિ આયોગ સંબંધિત નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

વિધાન 1 : નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સીલના અધ્યક્ષ ગૃહમંત્રીશ્રી હોય છે.

વિધાન 2 : નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સીલમાં દરેક રાજ્યનું પ્રતિનિધિત્વ હોય છે.

વિધાન 3 : આયોજન પંચની જગ્યાએ વૈધાનિક સંસ્થા નીતિ આયોગની રચના કરવામાં આવેલ છે.

(A) માત્ર વિધાન 1
(B) માત્ર વિધાન 2
(C) માત્ર વિધાન 3
(D) વિધાન 1 અને 3



Teachingninja.in

097. નીચેનામાંથી કઈ સંસ્થા દ્વારા નાણાકીય નીતિ જાહેર કરવામાં આવે છે?

(A) RBI (B) SEBI
(C) TRAI (D) IRDAI

098. નીચેનામાંથી કઈ બાબતનો ખર્ચ 'મહેસૂલી ખર્ચમાં' સમાવેશ થાય છે.

1. પગાર-ભથ્થા
2. શિક્ષણ-આરોગ્ય માટે સબસિડી
3. રાજ્ય સરકારને અપાયેલ લોન
4. ડેમના બાંધકામનો ખર્ચ
5. સરકારી કંપનીમાં રોકાણ
6. વિદેશી લોનના વ્યાજની ભરપાઈ

(A) 1, 2, 4 (B) 2, 4, 6
(C) 3, 4, 6 (D) 1, 2, 6

099. ગુડઝ એન્ડ સર્વિસ ટેક્સ (GST) એ ક્યાં પ્રકારનો કરવેરો છે? સાચો વિકલ્પ પસંદ કરો.

(A) પ્રત્યક્ષ કર (B) અપ્રત્યક્ષ કર
(C) સેસ કર (D) સરચાર્જ કર

100. કેન્દ્રીય બજેટમાં નાણાકીય વર્ષ 2023-24ના અંદાજ પ્રમાણે રાજ્ય સરકારોને કેન્દ્ર સરકાર દ્વારા અંદાજિત કેટલા નાણાકીય રકમ/સંસાધનોની ફાળવણી કરવામાં આવે છે?

(A) 15,00,000 કરોડ (B) 16,50,000 કરોડ
(C) 17,90,000 કરોડ (D) 22,00,000 કરોડ

101. કેન્દ્રીય બજેટમાં નાણાકીય વર્ષ 2023-24 માટે સૂચિત અંદાજિત રાજકોષીય ખાધ કેટલી રખાઈ છે? સાચા વિકલ્પની પસંદગી કરો.

(A) GDP ના 4.5% (B) GDP ના 5.9%
(C) GDP ના 6.5% (D) GDP ના 7.1%

102. ગુજરાત સરકાર દ્વારા નાણાકીય વર્ષ 2023-24ના બજેટમાં નીચેનામાંથી ક્યાં ક્ષેત્રમાં સૌથી વધુ નાણાકીય જોગવાઈ કરવામાં આવેલ છે?

(A) આરોગ્ય (B) કૃષિ અને પશુપાલન
(C) મહેસૂલ (D) શિક્ષણ

103. નીચેનામાંથી ગુજરાત રાજ્યના ક્યાં જિલ્લાને આકાંક્ષિત જિલ્લા (Aspirational Districts) જાહેર કરવામાં આવેલ છે? સાચા વિકલ્પની પસંદગી કરો.

(A) નર્મદા અને દાહોદ (B) નર્મદા અને છોટાઉદેપુર
(C) દાહોદ અને છોટાઉદેપુર (D) છોટાઉદેપુર અને તાપી


Teachingninja.in

**104.** ગુજરાત રાજ્યમાં વિદ્યાર્થીના શાળા છોડી જવાના દરમાં (Drop Out Rate) નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. જેના માટે નીચેનામાંથી સરકારશ્રી દ્વારા ચાલુ કરવામાં આવેલ કઈ પહેલનું મુખ્ય યોગદાન છે? સાચા વિકલ્પની પસંદગી કરો.

(A) વિદ્યાર્થીને આપવામાં આવતી શિષ્યવૃતિ (B) ગુણોત્સવ

(C) શાળા પ્રવેશોત્સવ (D) શિક્ષણમાં નાણાકીય જોગવાઈ

**105.** ભારતના જીડીપી (GDP) માં ગુજરાત દ્વારા અંદાજિત કેટલા ટકા ફાળો આપવામાં આવે છે? સાચા વિકલ્પની પસંદગી કરો.

(A) 5 % (B) 8.5 %

(C) 11 % (D) 14 %

**પ્ર. 106 – પ્ર. 110. ટેબલમાં આપેલ માહિતીના આધારે પ્રશ્નોના સાચા વિકલ્પની પસંદગી કરો.**

એક કંપની દ્વારા 6 વર્ષ દરમિયાન (2017, 2018, 2019, 2020, 2021, 2022) તેની 5 પ્રકારની કાર (A, B, C, D, E) ના નિર્માણની માહિતી (હજારમાં) ટેબલમાં દર્શાવ્યા પ્રમાણે છે.

| વર્ષ | કારના પ્રકાર | | | | |
|---|---|---|---|---|---|
| | A | B | C | D | E |
| 2017 | 250 | 200 | 128 | 140 | 115 |
| 2018 | 200 | 230 | 150 | 155 | 120 |
| 2019 | 230 | 225 | 142 | 160 | 135 |
| 2020 | 245 | 210 | 170 | 175 | 125 |
| 2021 | 260 | 135 | 180 | 185 | 130 |
| 2022 | 275 | 155 | 230 | 220 | 120 |

**106.** 2017 થી 2022 દરમિયાન કંપની દ્વારા કયા પ્રકારની કારનું ઉત્પાદન સૌથી વધુ કરેલ છે?

(A) E (B) D

(C) B (D) A

**107.** 2007 થી 2012 દરમિયાન કાર Aના ઉત્પાદનમાં કેટલા ટકા વધારો થયો છે?

(A) 5% (B) 7.5%

(C) 10% (D) 12.5%

**108.** નીચેનામાંથી કયા પ્રકારની કારના ઉત્પાદનમાં સતત દર વર્ષે વધારો જોવા મળ્યો છે?

(A) E (B) D

(C) B (D) A

**109.** વર્ષ 2021માં E પ્રકારની કારનું ઉત્પાદન વર્ષ 2020માં B પ્રકારની કારના ઉત્પાદનના કેટલા ટકા છે?

(A) 55% (B) 62.5%

(C) 61.9% (D) 66.6%



Teachingninja.in

**110.** 2018 થી 2022 દરમિયાન D પ્રકારની કારના ઉત્પાદનમાં કેટલા ટકાનો વધારો થયો છે?

(A) 25% (B) 41.93%

(C) 62.5% (D) 66.6%

**111.** એક વ્યક્તિનો ક્રમ 101 લોકોના ક્લાસમાં આગળથી 37મો છે. તો ક્લાસમાં પાછળથી તે વ્યક્તિનો ક્રમ ક્યો થાય?

(A) 63મો (B) 64મો

(C) 65મો (D) 66મો

**112.** બેકરીની એક કંપનીમાં દરેક સભ્ય કંપનીની સભ્ય સંખ્યા જેટલો ફાળો દર મહિને આપે છે, જો દર મહિને કુલ ફાળો રૂ. 1,22,500/– ભેગો થતો હોય તો તે કંપનીમાં કુલ કેટલા સભ્યો હશે?

(A) 305 (B) 350

(C) 365 (D) 340

**113.** આ વર્ષ સ્વતંત્રદિવસ મંગળવારે હતો, તો 2027ના વર્ષનો સ્વતંત્રદિવસ ક્યાં વારે હશે?

(A) સોમવાર (B) ગુરૂવાર

(C) રવિવાર (D) શુક્રવાર

**114.** એક વ્યક્તિ પોતાના ઘરેથી પૂર્વ દિશામાં 25 કિ.મી. ચાલે છે ત્યાર પછી તે દક્ષિણ દિશામાં 15 કિ.મી. ચાલે છે. ત્યારબાદ તે પશ્ચિમ દિશામાં 25 કિ.મી. ચાલે છે તો હવે તે પોતાના ઘરેથી કેટલા કિ.મી દૂર હશે?

(A) 15 કિ.મી. (B) 35 કિ.મી.

(C) 10 કિ.મી. (D) 25 કિ.મી.

**115.** જો Aના 18% = Bના 81% હોય તો A : B = ? સાચો વિકલ્પ પસંદ કરો.

(A) 2 : 9 (B) 9 : 2

(C) 7 : 4 (D) 4 : 7

**116.** એક વ્યક્તિ 5 કલાકમાં 12.5% કામ કરે છે અને સંપૂર્ણ કામ પૂરું કરતા તે વ્યક્તિને 40 કલાક લાગે છે તો તે વ્યક્તિને 87.5% કામ માટે કેટલો સમય લાગે?

(A) 20 કલાક (B) 25 કલાક

(C) 30 કલાક (D) 35 કલાક

**117.** 22, 29, X, Y, 33, 37 ની સરેરાશ 30 હોય તો નીચેનામાંથી ક્યું યુગ્મ X અને Y ની સંખ્યા હોય શકે?

(A) 27 અને 32 (B) 27 અને 34

(C) 32 અને 34 (D) 32 અને 29



Teachingninja.in

118. એક સંખ્યાના 62.5% માંથી 112.5 બાદ કરતાં જવાબ 200 આવે છે, તો નીચેનામાંથી તે સંખ્યા કઈ હશે?

(A) 400
(B) 450
(C) 500
(D) 550

119. A, B, C, D અને E પૈકી સૌથી ઓછા માર્ક્સ કોને મળ્યા હશે?

વિધાન 1 : D ના માર્ક્સ ફક્ત C અને E થી ઓછા છે.

વિધાન 2 : B એ A કરતા વધારે માર્ક્સ મેળવ્યા છે.

(A) વિધાન (1) એકલું આપેલા પ્રશ્નનો જવાબ આપવા પર્યાપ્ત છે.
(B) વિધાન (2) એકલું આપેલા પ્રશ્નનો જવાબ આપવા પર્યાપ્ત છે.
(C) વિધાન (1) અને વિધાન (2) બન્ને સાથે આપેલા પ્રશ્નનો જવાબ આપવા પર્યાપ્ત છે.
(D) વિધાન (1) અને વિધાન (2) બન્ને સાથે પણ આપેલા પ્રશ્નનો જવાબ આપવા પર્યાપ્ત નથી.

120. જો બે સંખ્યાઓનો ગુણાકાર અને ગુ.સા.અ. અનુક્રમે 4107 અને 37 હોય, તો તે બે સંખ્યામાંથી મોટી સંખ્યા કઈ હશે?

(A) 259
(B) 185
(C) 111
(D) 128

121. એક વ્યક્તિના લગ્ન 8 વર્ષ પહેલા થયા હતા. તેની હાલની ઉંમર તેની લગ્ન સમયની ઉંમર કરતાં 120% જેટલી છે, તેના લગ્ન સમયે તેની બહેન તેના કરતા ઉંમરમાં 20 વર્ષ નાની હતી, તો તેની બહેનની હાલની ઉંમર કેટલી હશે?

(A) 38 વર્ષ
(B) 48 વર્ષ
(C) 42 વર્ષ
(D) 28 વર્ષ

122. પાંચ છોકરાઓમાં, મનોજ વસંત કરતાં ઉંચો છે, પણ તે રાજેશ જેટલો ઉંચો નથી. જયંત પ્રકાશ કરતા ઉંચો છે પણ મનોજ કરતા નીચો છે, તો નીચે પૈકી કયો વિકલ્પ સાચો નથી?

(A) રાજેશ સૌથી ઉંચો છે.
(B) મનોજ પ્રકાશ કરતા ઉંચો છે.
(C) જયંત વસંત કરતા નીચો છે.
(D) વસંત અથવા પ્રકાશ બધામાં સૌથી નીચા છે.

123. એક દિવસમાં ઘડિયાળના કલાક અને મિનિટના કાંટા કેટલી વાર એકબીજા ઉપર ભેગા થાય છે?

(A) 12
(B) 22
(C) 23
(D) 24

124. એક ખેતીવાડી યુનિવર્સિટીમાં નવા કુલપતિની નિમણૂકની આવશ્યકતા છે, જે પ્રવરતા પર આધારિત છે. A પાસે C કરતા ઓછી પ્રવરતા છે, પણ B કરતાં વધારે છે. D પાસે A કરતાં વધારે પ્રવરતા છે, પણ C કરતા ઓછી છે. C ને આ નોકરી જોઈતી નથી. તો યુનિવર્સિટીમાં નવા કુલપતિ કોણ થશે?

(A) D
(B) C
(C) A
(D) B



Teachingninja.in

125. એક સ્ત્રી તરફ જોઈ અનિલે કહ્યું, 'તે જેની પુત્રી છે, એ મારી માતાના પતિની માતા છે.' તો તે સ્ત્રી અનિલની કોણ હશે?

(A) માસી
(B) ફોઈ
(C) બહેન
(D) માતા

126. એક બેટ્સમેનનો પ્રથમ 6 મેચમાં સરેરાશ સ્કોર 20 રન છે. બીજી થી સાતમી મેચમાં તેનો સરેરાશ સ્કોર 21 રન છે. જો પહેલી અને સાતમી મેચમાં તેનો સ્કોર કુલ 30 રન હોય તો સાતમી મેચમાં તેનો સ્કોર કેટલો હશે?

(A) 18 રન
(B) 22 રન
(C) 15 રન
(D) 16 રન

127. એક માણસને 12 કિ.મી.નું અંતર 45 મિનિટમાં કાપવાનું છે જો તે એક તૃતીયાંશ જેટલું અંતર બે તૃતીયાંશ જેટલા સમયમાં કાપે તો બાકીનું અંતર કાપવા તેને કેટલી ઝડપ રાખવી પડશે?

(A) 28 કિ.મી./કલાક
(B) 32 કિ.મી./કલાક
(C) 36 કિ.મી./કલાક
(D) 42 કિ.મી./કલાક

128. એક સાંકેતિક ભાષામાં, CAT-57 અને SOME-56 તો MATHS ની કિંમત કેટલી થશે?

(A) 77
(B) 70
(C) 55
(D) 74

129. એક વસ્તુ પર 20% અને 25% ના બે ક્રમિક વળતર આપવામાં આવે તો સમગ્રપણે કુલ કેટલું વળતર મળશે?

(A) 32%
(B) 30%
(C) 40%
(D) 35%

130. નીચે આપેલ શ્રેણીમાં બંધબેસતી ન હોય તેવી સંખ્યા કઈ? સાચા વિકલ્પની પસંદગી કરો.

9, 64, 25, 214, 49, 512

(A) 25
(B) 512
(C) 49
(D) 214

131. એક પાઈપ 6 કલાકમાં એક ટાંકી પૂર્ણ ભરી શકે છે પરંતુ ટાંકીમાં એક લીકેજને કારણે તેને આ ટાંકી ભરતા 8 કલાક થાય છે તો આ લીકેજ પૂર્ણ ભરેલી ટાંકીને કેટલા સમયમાં ખાલી કરશે?

(A) 8 કલાક
(B) 10 કલાક
(C) 12 કલાક
(D) 24 કલાક



Teachingninja.in

**132.** એક શહેરની વસ્તી 2,60,000 છે તથા તેનો વાર્ષિક વૃધ્ધિ દર 7% છે. તો 2 વર્ષ બાદ તે શહેરની વસ્તી કેટલી થશે?

(A) 2,68,168
(B) 2,97,674
(C) 3,03,056
(D) 3,13,200

**133.** એક સમાંતર શ્રેણીનું પ્રથમ પદ 17 અને સામાન્ય તફાવત 13 હોય તો તેનું 28મું પદ કેટલું થશે?

(A) 356
(B) 368
(C) 360
(D) 362

**134.** એક વ્યક્તિ એક પુસ્તકનો 4/9 ભાગ એક દિવસમાં અને બાકી રહેલ પુસ્તકનો 3/5 ભાગ બીજે દિવસે વાંચે છે. જો હવે તેને 80 પાના વાંચવાના બાકી હોય તો તે પુસ્તકમાં કેટલા પાના હશે?

(A) 310
(B) 320
(C) 360
(D) 450

**135.** એક લશ્કરી છાવણીમાં 1000 સૈનિકોને 30 દિવસ ચાલે તેટલો અનાજનો જથ્થો છે. જો 10 દિવસ પછી 1000 બીજા સૈનિકો તે છાવણીમાં જોડાય તો બાકીનો અનાજનો જથ્થો કેટલા દિવસ ચાલશે?

(A) 10 દિવસ
(B) 15 દિવસ
(C) 18 દિવસ
(D) 20 દિવસ

**136.** નીચે દર્શાવેલ શબ્દ કયા શબ્દસમૂહ માટે વપરાયેલ છે?
"માધુકરી"

(A) પગથી માથા સુધી
(B) તાકીદની સખત ઉઘરાણી
(C) મધથી બનાવેલ કઢી
(D) ઘેર ઘેર ભીખ માગવી તે

**137.** 'દેખીતી નિંદા મારફત સ્તુતિ કરવી તે' – શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

(A) વ્યાજોક્તિ
(B) વ્યાજસ્તુતિ
(C) વ્યાજમુક્તિ
(D) સ્તુતિવ્યાજ

**138.** નીચે દર્શાવેલ રૂઢિપ્રયોગ અને અર્થ વિશે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. ઊંચો હાથ રહેવો – ચડિયાતા નિવડવું
2. ઓછી પાંસળીનું – ઘણો આળસુ
3. ચંદરવો બાંધવો – જૂઠું નામ કે કીર્તિ મેળવવી
4. છક્કડ ખવરાવવી – કજિયો કરાવવો

(A) 1 અને 2 સાચી જોડી છે.
(B) 3 અને 4 સાચી જોડી છે.
(C) 1 અને 3 સાચી જોડી છે.
(D) 2 અને 4 સાચી જોડી છે.



Teachingninja.in

139. નીચેનામાંથી કઈ કહેવતનો અર્થ "ધંધામાં ખૂબ જ નુકસાન થવું" એવો થાય છે?

(A) બળિયાના બે લગ્ન
(B) બારે વહાણ બૂડ્યાં
(C) મહેર ત્યાં લહેર
(D) વાર્યા ન વળે હાર્યા વળે

140. નીચેનામાંથી સમાન અર્થ ધરાવતો શબ્દોની જોડી શોધો.

(A) સદ્મ - નિકેતન
(B) દુકૂલ - અક્ષિ
(C) કૌમુદી - ધ્વનિ
(D) વિશિખ - પર્ણ

141. નીચે દર્શાવેલ શબ્દોનો અભ્યાસ કરીને તેની નીચે આપેલ યોગ્ય વિશ્લેષણ પસંદ કરો.

1. કુટિલ - સરળ
2. દક્ષ - પટુ
3. જુહાર - પ્રણામ
4. વિનીત - ઉધ્ધત

(A) 1 અને 2 સમાનાર્થી છે જ્યારે 3 અને 4 વિરૂધ્ધાર્થી છે.
(B) 1 અને 3 સમાનાર્થી છે જ્યારે 2 અને 4 વિરૂધ્ધાર્થી છે.
(C) 1 અને 4 વિરૂધ્ધાર્થી છે જ્યારે 2 અને 3 સમાનાર્થી છે.
(D) 1 અને 4 સમાનાર્થી છે જ્યારે 2 અને 3 વિરૂધ્ધાર્થી છે.

142. નીચે દર્શાવેલ શબ્દોનો અભ્યાસ કરીને તેની નીચે આપેલ જૂથ પૈકી તમામ શબ્દો એકબીજાથી અલગ અર્થ ધરાવતાં હોય તેવા શબ્દોનું જૂથ પસંદ કરો.

ઉદક, સલિલ, અંબુ, ગિરા, ધૃતિ, વારિ, સુતા, શર

(A) ઉદક, અંબુ, ગિરા, સલિલ
(B) ગિરા, ધૃતિ, સુતા, શર
(C) સલિલ, શર, વારિ, ગિરા
(D) વારિ, ધૃતિ, ઉદક, શર

143. નીચે દર્શાવેલ શબ્દોમાંથી યોગ્ય જોડણી શોધો.

(A) સિંધૂર્મિ
(B) વધુલ્લાસ
(C) રવિન્દ્ર
(D) સમિક્ષા

144. 'ચિન્મય' શબ્દની સંધિ છોડો.

(A) ચિન્ + મય
(B) ચિત્ + મય
(C) ચિત્ + અમય
(D) ચિન્ + અમય

145. નીચે દર્શાવેલ વાક્યમાં ભૂલ શોધીને લખો.

"દરખાસ્તને મંજૂરી મળેલ હોય કાગળ રવાના કરીએ."

(A) દરખાસ્તને
(B) મંજૂરી
(C) હોય
(D) કરીએ



Teachingninja.in

**પ્ર. 146 – પ્ર. 149. નીચે દર્શાવેલ લખાણનો અભ્યાસ કરીને તેની નીચે આપેલ પ્રશ્નોના જવાબ આપો.**

તૈત્તિરીય ઉપનિષદ (2.8) મા નવયુવક કેવો હોવો જોઈએ, એની સુંદર ચર્ચા કરવામાં આવી છે. યુવા સ્યાત સાધુ, યુવાધ્યાપક, આશિષ્ઠો – દઢિષ્ઠો, બલિષ્ઠ/મતલબ કે યુવાન સાધુ એટલે કે સચ્ચિરિત્રશીલ હોવો જોઈએ, તે ખૂબ જ અભ્યાસનિષ્ઠ હોવો જોઈએ. તે આશાવાન હોવો જોઈએ, દઢનિશ્ચયી અને બળસંપન્ન હોવો જોઈએ. આવા નવજવાન માટે સમગ્ર પૃથ્વી દ્રવ્યમય બની જાય છે.

યુવાનોનું વ્યક્તિત્વ જે-તે કાળના વાતાવરણથી અસરમુક્ત નથી રહી શકતું, કારણ કે યુવાનને ચીલે ચાલવાનું ગમતું નથી. એને ભોમિયા વગર ભમવું ગમે છે. યૌવન એ શક્તિનો ધોધ છે, એટલે દરેક દેશને પોતાનાં યૌવનધન પર વિશ્વાસ હોય છે. જૂની આંખે નવા જમાનાને અને એ જમાનામાં જીવતા યુવાનોને પોતાની અલાયદી રીતે જીવતા જોઈને એવી પણ ફરિયાદ કરવામાં આવે છે કે ‘આ યુવાનોને થયું છે શું?’ આવી ફરિયાદ નવી નથી, સોક્રેટિસ અને પ્લેટોએ પણ પોતાના સમયમાં થતી આવી ફરિયાદોનો ઉલ્લેખ કરેલો છે.

શક્તિ અને સ્ફૂર્તિનો ભંડાર હોવાને કારણે યૌવન પાસે પારાવાર મહત્વાકાંક્ષાઓ હોય છે. એણે અડવું છે, પણ હજી દિશાની પાકી ઓળખાણ નથી! જગતને ઉપયોગી થવું છે, પણ જગતના પ્રવાહો વિશેની જરૂરી જાણકારી એણે મેળવી નથી!

માણસ બળવાન હોય, તો આત્મવિશ્વાસ સહ ઊભો રહી શકે છે. ગુરૂની સેવા કરી ગુરૂ પાસે બેસવાલાયક બને છે. દ્રષ્ટા એટલે કે ગુરૂની દષ્ટિને સમજી શકે તેવો બને છે, સાંભળવા તત્પર બને છે, મનનશીલ બને છે, જાગૃત બને છે, કર્તૃત્વવાન બને છે અને વિજ્ઞાની એટલે કે આત્મજ્ઞાની બને છે. એટલે બળવાન મતલબ કે શક્તિસંપન્ન હોવું જરૂરી છે. શરીર તમામ કર્તવ્ય અદા કરવાનું પ્રાથમિક સાધન છે. જો તન મજબૂત હશે, તો મન પણ મજબૂત હશે. એટલે યુવાને વ્યાયામ અને પૌષ્ટિક આહાર દ્વારા બલિષ્ઠ બનવું જોઈએ, કારણ કે આ જગત માયકાંગલા યુવાનો માટે પડી રહેવાની જગા નથી.

ડો. ચંદ્રકાન્ત મહેતા.

**146.** કેવા યુવાનો માટે સમગ્ર પૃથ્વી દ્રવ્યમય બની જાય છે?

(A) દેખાવડા યુવાનો માટે

(B) આશાવાન, દઢનિશ્ચયી અને બળ સંપન્ન યુવાનો માટે

(C) અભ્યાસનિષ્ઠ યુવાનો માટે

(D) સાધુ જેવા યુવાનો માટે

**147.** નીચેનામાંથી કઈ વાત અહીં આપેલ લખાણ સાથે સુસંગત નથી?

(A) સોક્રેટિસના સમયમાં પણ યુવાનો વિશે ફરિયાદો થતી.

(B) તૈત્તિરીય ઉપનિષદમાં યુવાનના આદર્શ લક્ષણો વિશે ચર્ચા કરવામાં આવેલ છે.

(C) યુવાનને ભોમિયા સાથે ફરવાની મજા આવે છે.

(D) દરેક દેશ યુવાનોની શક્તિ પર વિશ્વાસ ધરાવે છે.

**148.** લક્ષ્યસિધ્ધિ માટે યુવાનોમાં શું ખૂટે છે?

(A) દિશાની સમજ　　(B) પ્રવાહોની જાણકારી

(C) આવશ્યક સ્ફૂર્તિ　　(D) અભ્યાસનિષ્ઠા



Teachingninja.in

149. શક્તિવાન બનવા માટે યુવાને શું કરવું જોઈએ?
(A) ગુરૂની દૃષ્ટિને સમજવી જોઈએ.
(B) સાંભળવા તત્પર બનવું જોઈએ.
(C) ફરિયાદો ટાળવી જોઈએ.
(D) કસરત કરવી જોઈએ અને પોષણસભર ભોજન લેવું જોઈએ.

150. નીચે દર્શાવેલ જોડકાનો અભ્યાસ કરીને તેની નીચે આપેલ વિશ્લેષણમાંથી યોગ્ય વિશ્લેષણ પસંદ કરો.
1. મજબૂત તન – મજબૂત મન
2. દ્રઢિષ્ઠ – મજબૂત દાઢવાળો
3. સચ્ચિરિત્રશીલ - સાધુ
4. બળવાન – આત્મવિશ્વાસ
(A) 1 અને 4 માં પ્રથમ દર્શાવેલ બાબતને આધારે બીજી બાબત બને છે.
(B) 2 અને 4 માં દર્શાવેલ શબ્દો પર્યાયવાચી છે.
(C) 3 માં દર્શાવેલ શબ્દો વિરૂધ્ધભાવ દર્શાવે છે જ્યારે 2 માં દર્શાવેલ શબ્દો સમાનભાવ દર્શાવે છે.
(D) 3 અને 4 માં દર્શાવેલ શબ્દો ગુરૂની લાયકાત દર્શાવે છે.

151. નીચે દર્શાવેલ શબ્દસમૂહનું અંગ્રેજીમાં યોગ્ય ભાષાંતર પસંદ કરો.
'અસંમતિ નોંધ'
(A) Note of assent
(B) Note of dissent.
(C) Note of disarmament
(D) Note of descend

152. 'શુધ્ધિપત્ર' માટે વપરાતો અંગ્રેજી શબ્દ શોધીને લખો.
(A) Compilation
(B) Addendum
(C) Correct letter
(D) Corrigendum

153. 'અંદાજપત્ર સદર' માટે વપરાતા યોગ્ય અંગ્રેજી શબ્દોની પસંદગી કરો.
(A) Assumed letter pad
(B) Budget letter head
(C) Budget head
(D) Assumed head

154. ''રામે રાવણનો વધ કર્યો''. વાક્યનું કર્મણિ રૂપાંતર શું થશે?
(A) રામ વડે રાવણનો વધ કરાયો.
(B) રામ થકી રાવણનો વધ થાય છે.
(C) રાવણનો વધ રામે કર્યો.
(D) રામે રાવણનો વધ કરાવ્યો.

155. 'પાક્ષિક', 'દશાનન' અને 'ત્રિભુવન' શબ્દોમાં કયો સમાસ જોવા મળે છે?
(A) દ્વંદ્વ
(B) મધ્યમપદલોપી
(C) તત્પુરૂષ
(D) દ્વિગુ


Teachingninja.in

**156.** Choose the correct analysis for the following sentence :

"The match between India and Pakistan is being played right now."

(A) It is simple present tense active voice.

(B) It is simple present tense passive voice.

(C) It is continuous present tense passive voice.

(D) It is continuous present tense active voice.

**157.** Study the following sentences and choose proper analysis given below them.

1. Rajesh seldom watches TV.
2. Bumrah bowls swiftly.

(A) 1 has adverb of frequency while 2 has adverb of manner.

(B) 1 has adverb of manner while 2 has adverb of frequency.

(C) 1 has adverb of reason while 2 has no adverb.

(D) 1 and 2 both have adverb of manner.

**158.** That is a matter between you and _______.

(A) me (B) i

(C) my (D) mine

**159.** Choose correct synonym for 'generous'.

(A) Sagacious (B) Inquisitive

(C) Altruistic (D) Intrepid

**160.** Choose the word which is opposite to 'opposite'.

(A) Contradictory (B) Diametric

(C) Antagonistic (D) Analogous

**161.** _______ name does the world know you?

(A) By what (B) What

(C) Which (D) By whom

**162.** _______ of the cars has been washed yet.

(A) One (B) Some

(C) None (D) Both

**163.** Choose correct transformation of Degree for the following sentence.

"Manoj Bajpayee is one of the most versatile actors in India."

(A) No other actor is so versatile as Manoj Bajpayee in India.

(B) Manoj Bajpayee is more versatile than many other actors in India.

(C) All the actors in India are more versatile than Manoj Bajpayee.

(D) Manoj Bajpayee isn't versatiler than any other actor in India.



Teachingninja.in

**164.** Join the following sentences forming an adjective clause.

– The new film is running successfully. It was released last week.

(A) The new film is running successfully which was released last week.

(B) The new film which is running successfully which was released last week.

(C) The new film which is released last week was running successfully.

(D) The new film, which was released last week, is running successfully.

**165.** Choose the option which describes the closest meaning for the given expression.

"One who is bad at spellings."

(A) Humdrum

(B) Cacographer

(C) Orthographer

(D) Polymath

**166.** Rearrange the jumbled words to form a meaningful sentence.

Softly / the moon / the Vikram / the/ landed/ of /lander / Pole/near / South

(A) The moon landed on the South Pole near the lander of the Vikram softly.

(B) The Vikram landed the lander of the South Pole softly near the moon.

(C) The Vikram lander landed softly near the South Pole of the moon.

(D) The lander landed the Vikram near South Pole of the moon softly.

**167.** Choose correct Indirect speech for the sentence given below.

Niyati said, "Please take me to the hospital near your office, Niyam."

(A) Niyati asked Niyam that he please take her to the hospital near his office.

(B) Niyati requested Niyam to take her to the hospital near his office.

(C) Niyati requested Niyam that he take her to the hospital near his office.

(D) Niyati ordered Niyam to take him to the hospital near his office.

**168.** Read the following sentence and choose a suitable reporting verb used while transforming it into indirect speech.

– The fans said, "Alas! We have lost the match."

(A) Exclaimed with sorrow

(B) Exclaimed with delight

(C) Exclaimed with happiness

(D) Exclaimed with praise

**169.** What time did Mohini _______ home yesterday?

(A) went back

(B) had come back

(C) backed

(D) get back

**170.** Your book is here but where is _______?

(A) my

(B) me

(C) mine

(D) mines



Teachingninja.in

**Q. 171 - Q. 175 Read the following passage and answer the questions given below it.**

The film industry is facing the challenge of the television screen which, because of its ready availability and nearness to entertainment seekers, is becoming very popular, particularly in the West where television programmes are as indispensable to people as newspaper material. Sustained entertainment for multitudes lasting two or three hours is possible only in big cinema halls. Scenic beauty, background effects and colour techniques which have made the products of cinema industry so attractive and delightful may not be reproduced by television programme organisers and therefore, this important invention in the field of wireless communication, in spite of having become a big rival of the cinema, may not succeed in replacing it.

The motion picture has also stepped into the international sphere as an agent of goodwill and co-operation among nations. Cultural contacts which tend to reduce tension in the world and bring harmony in international relations have been established through the medium of films. The more people understand and appreciate the past history, present aims, customs, habits and beliefs of men and women in foreign lands, the more will they realize that their interests can best be served by establishing friendly relations with them and by removing those irritants which breed distrust, lack of co-operation and the desire to punish those whose views and attitudes are such as they do not like. As cultural agents movies can cement ties of love and brotherhood among nations and teach them to confer on each other the benefits of all the rich and glorious achievements of the present enlightened age. In recent years, artists of the film world have been visiting foreign lands with a view to presenting before audience in those countries the best products of their cultural heritage. Film festivals which many European and Asian countries have been organising from time to time have also proved to be of immense value in reducing social barriers, colour prejudices and other causes of friction between nations

**171.** The film industry is facing the challenge of:

(A) The theatre
(B) Financial crunch
(C) Waning people's interest
(D) The television screen

**172.** The TV has become popular because of:

(A) Its entertaining programmes
(B) Its educative value
(C) Its ready availability and nearness
(D) Its wide appeal

**173.** Three things which make cinema so attractive are:

(A) Scenic beauty, background effects and beautiful faces
(B) Scenic beauty, good sets and colour techniques
(C) Scenic beauty, gaudy dresses and colourful techniques
(D) Scenic beauty, background effects and colour techniques

**174.** Films have become agents of:

(A) Violence
(B) Vulgarity
(C) Unstinting consumerism
(D) Goodwill and cooperation among people



Teachingninja.in

175. What can teach nations to confer on each other all the rich and glorious achievements of the age?

(A) Cinema Halls (B) Cultural contacts

(C) Social barriers (D) Movies

176. કોમ્પ્યુટરના પિતા તરીકે નીચે પૈકી કોણ જાણીતા છે?

(A) ડેનિસ રિચી (B) બિલ ગેટ્સ

(C) ચાર્લ્સ બેબેજ (D) જેમ્સ ગોસલિંગ

177. નીચે પૈકી કોમ્પ્યુટર સિસ્ટમના મગજ (Brain) તરીકે કોણ ઓળખાય છે?

(A) RAM (B) CPU

(C) GPU (D) ઉપર પૈકી કોઈ નહીં.

178. કોમ્પ્યુટર સિસ્ટમ પૈકી નીચેમાંથી કોનો સમાવેશ થાય છે?

(A) હાર્ડવેર (B) પેરિફેરલ ડિવાઈઝ

(C) સોફ્ટવેર (D) ઉપરના બધા

179. નીચે પૈકી મેમોરીનો નાનામાં નાનો યુનિટ કયો છે?

(A) Byte (B) Bit

(C) Nibble (D) Kilo Byte

180. નીચે પૈકી કઈ કોમ્પ્યુટર લેન્ગવેજ બાઈનરી ફોર્મમાં લખવામાં આવે છે?

(A) જાવા (B) પાસ્કલ

(C) સી લેન્ગવેજ (D) મશીન લેન્ગવેજ

181. નીચે પૈકી કયું આઉટપુટ ડિવાઈસ નથી?

(A) સ્પીકર (B) મોનિટર

(C) સ્કેનર (D) પ્લોટર

182. નીચે પૈકી SSD નું પુરૂ નામ શું છે?

(A) Solid State Device (B) Solid State Drive

(C) Serial State Data (D) Solid Storage Device

183. નીચે પૈકી કઈ ઓપરેટિંગ સિસ્ટમને ગ્રાફિકલ યુઝર ઈન્ટરફેસ નથી હોતો?

(A) Windows 95 (B) Mac OS

(C) Linux (D) Ms DOS



Teachingninja.in

**184.** GUI નું પુરું નામ નીચે પૈકી કયું છે?

(A) Graphical User Interest
(B) Greater User Interface
(C) Graphical User Interface
(D) Graphical Union Interface

**185.** Microprocessor અને Memory નીચે પૈકી કોના મહત્વના કોમ્પોનેન્ટ છે?

(A) સિસ્ટમ યુનિટ
(B) ઈનપુટ ડિવાઈસ
(C) ડેસ્કટોપ
(D) આઉટપુટ ડિવાઈસ

**186.** Microsoft Word માં F12 કી પ્રેસ કરવાથી નીચે પૈકી કયું ડાયલોગ બોક્સ ઓપન થશે?

(A) Save As dialog box
(B) Open dialog box
(C) Save dialog box
(D) Close dialog box

**187.** નીચે પૈકી કયું Excel માં Valid Data Type નથી?

(A) Number
(B) Character
(C) Label
(D) Date/Time

**188.** નીચે પૈકી LKM નું પુરું નામ શું છે?

(A) Linux Kernel Module
(B) Linux Kernel Mode
(C) Linked Kernel Module
(D) Last Kernel Mode

**189.** નીચે પૈકી કોને White-Hat Hacker તરીકે ઓળખવામાં આવે છે?

(A) Security professional
(B) Former black hat
(C) Former grey hat
(D) Malicious hacker

**190.** નીચે પૈકી FTP કયા પોર્ટનો ઉપયોગ કરે છે?

(A) 21
(B) 25
(C) 23
(D) 80

**191.** નીચે પૈકી PDF નું પુરું નામ શું છે?

(A) Portable Document Format
(B) Portable Data Format
(C) Personal Document Format
(D) Personal Data Format

**192.** નીચે પૈકી કયું વેબ બ્રાઉઝર નથી?

(A) Google Chrome
(B) Microsoft Word
(C) Mozilla Firefox
(D) Internet Explorer



Teachingninja.in

**193.** નીચે પૈકી કયું Search Engine નથી?

(A) Google (B) Yahoo

(C) Bing (D) Window

**194.** કોમ્પ્યુટર નેટવર્કમાં Firewall શું છે?

(A) કોમ્પ્યુટર નેટવર્કની ઓપરેટિંગ સિસ્ટમ

(B) નેટવર્કની ફિઝિકલ બાઉન્ડરી

(C) વેબ બ્રાઉઝિંગ સોફ્ટવેર

(D) અનઓથોરાઈઝ્ડ એક્સેસને રોકવા માટેની સિસ્ટમ

**195.** Switch એ એવું નેટવર્ક ડિવાઈસ છે, જે નીચે પૈકી કોના માટે જવાબદાર છે?

(A) વાયરસના એટેકથી બચાવવા (B) નેટવર્ક સાથેનો પાવર બંધ કરવા માટે

(C) નેટવર્ક ડિવાઈસ સાથે કનેક્ટ કરવા માટે (D) નેટવર્કને બૂટ કરવા માટે

**196.** નીચે પૈકી કોણે પ્રથમ કોમ્પ્યુટર માઉસની શોધ કરેલ છે?

(A) સ્ટીવ જોબ્સ (B) ડગ્લસ એંજેલબર્ટ

(C) બિલ ગેટ્સ (D) ટીમ બર્નર્સ લી

**197.** નીચે પૈકી કઈ પ્રોગ્રામિંગ લેન્ગવેજ નથી?

(A) Python (B) HTML

(C) C++ (D) Firefox

**198.** નીચે પૈકી કયા કોમ્પ્યુટર વાઈરસ છે?

(A) Trojan Horse (B) Worm

(C) Spyware (D) ઉપરના બધા

**199.** નીચે પૈકી કઈ Key કોઈ Character ને Cursor થી ડાબી બાજુથી Delete કરે છે?

(A) End (B) Backspace

(C) Home (D) Delete

**200.** Ctrl, Shift અને Alt કી નીચે પૈકી કઈ રીતે ઓળખાય છે?

(A) Adjustment Keys (B) Function Keys

(C) Modifier Keys (D) Alphanumeric keys



Teachingninja.in

## SPACE FOR ROUGH WORK / રફ કામ માટેની જગ્યા

પરીક્ષા આપનાર ઉમેદવારે ઉત્તરપત્ર (OMR SHEET) વર્ગનિરીક્ષકને
પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસુર થયેથી શિસ્તભંગના
પગલાં ગણી પરીક્ષા માટે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.

Teachingninja.in